નં.જીઆઇડીસી/નિ.વિ/૦૨૯
ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ,
ઉદ્યોગ ભવન, ગાંધીનગર
તારીખ:- ૦૩-૦૭-૨૦૨૦.

// પ રિ પ ત્ર //

વિષય:- નોટીફાઇડ વિસ્તારમાં ઉદ્યોગકારો માટે વિલંબીત ચુકવણાના વ્યાજ ઉપર ૫૦ ટકા (૫૦ %) વ્યાજ માફ કરવા વન ટાઇમ સેટલમેન્ટ **(OTS)** યોજના બાબત.

સંદર્ભ :૧: નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક:અપબ/૧૦૨૦૨૦/૧૦૮/૧૯૫૨૨૪/ક, તા.૫-૬-૨૦
:૨: ઉ.ખા.વિ.નો પત્ર ક્રમાંક: જીઆઇડી/૧૦૨૦૨૦/૮૪૫/ગ, તા.૩૦-૬-૨૦૨૦.

ગુજરાત સરકાર ધ્વારા કોવિડ-૧૯ થી ઉદ્‌ભવેલ મહામારીની પ્રતિકૂળ આર્થિક પરિસ્થિતિમાં રાજયના અર્થતંત્રને વેગવંતુ કરવા માટે વિવિધ ક્ષેત્રો માટે " ગુજરાત આત્મનિર્ભર પેકેજ" ઉપરોક્ત સંદર્ભ (૧) થી જારી કરવામાં આવેલ છે.

સદર પેકેજ અન્વયે નિર્દિષ્ટ વિસ્તારના ઉદ્યોગકારોને "વન ટાઇમ સેટલમેન્ટ યોજના હેઠળ ઉદ્યોગકારોને તેઓના તમામ વિલંબીત ચુકવણાના વ્યાજ ઉપર ૫૦ ટકા (૫૦ %) વ્યાજ માફ કરવા ઉપરોક્ત સંદર્ભ (૨) થી ખાસ કિસ્સામાં જાહેર કરેલ પેકેજના ભાગરૂપે રાહત આપવાની મંજુરી મળેલ છે.

જે મુજબ "જી.આઇ.ડી.સી.ના નિર્દિષ્ટ વિસ્તારના ઉદ્યોગકારોએ તેઓના તમામ વિલંબીત ચુકવણાના વ્યાજ ઉપર ૫૦ ટકા વ્યાજ માફી મેળવવા માટે તમામ ચુકવણા ચોકકસ સમય ગાળામાં ભરપાઇ કરવાના રહેશે." તે શરતે વ્યાજ માફીના પેકેજને સરકારશ્રીની મંજુરી મળેલ છે.

નિર્દિષ્ટ વિસ્તાર ધ્વારા નિર્દિષ્ટ વિસ્તાર હસ્તકની તમામ મિલ્કતો ઉપર જે તે વસાહતના જાહેરનામા મુજબ ટેકસ આકારવામાં આવે છે. આવી મિલ્કતોના બાકી લહેણાં માટે નિર્દિષ્ટ વિસ્તારની વસુલાતની કાર્યવાહીને વેગ મળે અને ઉદ્યોગ સાહસિકોને વિલંબીત ચુકવણાના વ્યાજમાં રાહત મળે તે હેતુથી વસુલાત પર વ્યાજની રકમમાં રાહત / માફી આપવા નીચે મુજબની શરતોને આધિન આ યોજના પરિપત્ર જારી કર્યા તારીખથી તા. ૩૧-૧૨-૨૦૨૦ સુધી અમલમાં મુકવામાં આવે છે.

(૧) આ યોજના પરિપત્ર જારી કર્યા તારીખથી તા.૩૧-૧૨-૨૦૨૦ સુધી અમલમાં રહેશે.

(૨) આ યોજનાનો લાભ લેવા માટે મિલ્કતધારકોએ / ફાળવણીદારોએ જે તારીખે ચુકવણું કરવા આવે તે તારીખ સુધીના તમામ બાકી લહેણાંની રકમ એકી સાથે ડીમાન્ડ ડ્રાફ્ટ કે પે ઓર્ડર અથવા ઓનલાઇન જમા કરાવવાની રહેશે.

(૩) આ યોજના હેઠળ તા.૩૧-૧૨-૨૦૨૦ સુધીની લહેણી રકમ જમા કરાવનાર મિલ્કતધારક / ફાળવણીદારને લહેણી રકમ અંગેના વિલંબીત ચુકવણાના વ્યાજ ઉપર ૫૦ ટકા (૫૦ %) વ્યાજ રાહત આપવામાં આવશે.

(૪) આ યોજના હેઠળ અગાઉ મિલ્કતધારકો / ફાળવણીદારો દ્વારા ચુકવવામાં આવેલ વ્યાજ ઉપર કોઇ પણ પ્રકારની રાહત આપવામાં આવશે નહીં.

(૫) કોર્ટ કેસના કારણે એકાઉન્ટ બ્લોક થયેલ હોય / બેંક ખાતું સ્થગિત થયેલ હોય તે પ્રકારના મિલ્કતધારક / ફાળવણીદાર જો આ યોજનાનો લાભ મેળવવા માંગતા હોય તો તેઓએ કોર્ટ કેસ પરત ખેંચી અરજી

કરવાની રહેશે. તે કિસ્સામાં વડી કચેરીથી માન. ઉપા. અને વ.સં.શ્રીની મંજુરી મેળવીને ગુણદોષને આધારિત મંજુરી આપી શકાશે.

(૬) નિર્દિષ્ટ વિસ્તાર હસ્તકની પાણી પુરવઠા તેમજ ડ્રેનેજ ચાર્જીસની લહેણી રકમ માટે નિગમના પરિપત્ર નં જી.આઈ.ડી.સી. / ઓએન્ડએમ/સીઆઈઆર/વસુલાત/૨૦૨૦/૧૨ તા. ૧૯/૬/૨૦૨૦ મુજબ રાહત આપવાની રહેશે.

ઉપરોકત પરિપત્રના અમલીકરણ અંગે કોઇ વિસંગતતા ઉદભવે તો તે બાબતે માન. ઉપા. અને વ.સં.શ્રીનો નિર્ણય આખરી રહેશે.

સહી /-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક
જી.આઇ.ડી.સી.ગાંધીનગર

પ્રતિ,

(૧) તમામ નિર્દિષ્ટ વિસ્તાર અધિકારીશ્રીઓ ..... જરૂરી કાર્યવાહી તેમજ ઓટીએસનું રજીસ્ટર નિભાવવા અને દરેક લાભાર્થીઓને બહોળી પ્રસિધ્ધિથી અવશ્ય જાણ કરવા સારૂ.

(૨) સંબધિત વિભાગીય પ્રબંધકશ્રી / અધિક્ષક ઇજનેરશ્રી / પ્રાદેશિક મેનેજરશ્રી / કાર્યપાલક ઇજનેરશ્રી, જીઆઇડીસી ... તરફ જાણ સારૂ.

<u>નકલ સવિનય રવાના:-</u>

**(૧) સંયુકત સચિવશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ, ત્રીજો માળ, બ્લોક નં ૫, નવા સચિવાલય, ગાંધીનગર** ... તરફ જાણ સારૂ.

(૨) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન, ગાંધીનગર ... તરફ જાણ સારૂ.

(૩) સંબધિત નિર્દિષ્ટ વિસ્તારના સંલગ્ન માન્ય ઔદ્યોગિક એસોસિએશનના પ્રમુખશ્રીઓ ... તરફ જાણ સારૂ.

(૪) મુખ્ય ઇજનેરશ્રી, જીઆઇડીસી, ગાંધીનગર ... તરફ જાણ સારૂ.

(૫) અધિક્ષક ઇજનેરશ્રી(ગુ.નિ), જીઆઇડીસી, ગાંધીનગર ... તરફ જાણ સારૂ.

(૬) મેનેજરશ્રી (એસ. એન્ડએ), જીઆઇડીસી, ગાંધીનગર .... તરફ દરેક મિલ્કતધારકો / ફાળવણીદારોને મેસેજ તેમજ ઈ – મે ઈલ દ્વારા જાણ કરવા તેમજ પરિપત્ર વેબસાઈટ પર મુકવા સારૂ.

રવાના કર્યુ

મેનેજર (મહેકમ) )
જીઆઇડીસી, ગાંધીનગર